# ડીનશ્રીની કચેરી

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, વલસાડ
હાલર રોડ, નનકવાડા, તા.જી.વલસાડ, ગુજરાત રાજય
(ઓ) (૦૨૬૩૨) ૨૫૦૧૦૮,૨૫૬૧૪૪, ૨૫૬૧૪૫,૨૫૦૫૨૦, (ફેકસ) ૨૫૦૫૫૫
E-mail: gmersmcvalsad@gmail.com, Web: www.gmersmcvalsad.com


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક:મેકોવ/સ્ટુડન્ટ શાખા/કોવિસહાયક/ 11243-250 /૨૦ તા. 21/09/20

**અગત્યની સુચના**

અત્રેની જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ ખાતે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, અધિક સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરની કચેરીના પરિપત્ર મુજબ રાજ્યભરની તમામ મેડીકલ કોલેજમાં દ્વિતિય વર્ષ અને તેથી ઉપરના વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોવિડ સહાયક તરીકેની કામગીરી સોંપવાની થાય છે. જેથી હાલમાં અત્રે દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ., તૃતિય વર્ષ(પાર્ટ-૧) એમ.બી.બી.એસ. તેમજ તૃતિય વર્ષ(પાર્ટ-૨) એમ.બી.બી.એસ. નો અભ્યાસ કરતા **(પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. સિવાયના)** તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, તેઓની કોવિડ સહાયક તરીકેની તાલીમ તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજથી શરૂ થનાર છે. સદર તાલીમમાં દરેક વિદ્યાર્થીએ હાજર રહેવાનું રહેશે. તાલીમ પૂર્ણ થયા બાદ જે તે વિદ્યાર્થીને કોવિડ સહાયક તરીકેની કામગીરી અત્રેની કોવિડ હિસ્પિટલના તબીબી અધિક્ષકશ્રી દ્વારા સોંપવામાં આવશે. **જેથી તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ અત્રે અભ્યાસ કરતા પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. સિવાયના તમામ વિદ્યાર્થીઓએ કોલેજ ખાતે ફરજિયાત હાજર રહેવાનું રહેશે.**

વધુમાં જણાવવાનું કે, પરિપત્રમાં જણાવ્યા મુજબ જો કોઇ વિદ્યાર્થી ડાયાબીટીસ, કાર્ડિયો વાસ્ક્યુલર ડીસીઝ કે અન્ય કોઈ ગંભીર પ્રકારની બિમારી ધરાવતો હોય, તો તેવા વિદ્યાર્થીને આ કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવે છે. જે અંગેના જરૂરી આધાર-પુરાવા આવા બિમાર વિદ્યાર્થીએ અત્રે રજુ કરવાના રહેશે.

ડીન
જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ કોલેજ
વલસાડ

નકલ સવિનય રવાના:૧) અધિક સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.
૨) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન(આરોગ્ય), ગાંધીનગર તરફ જાણ સારૂ.
૩) ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, જી.એમ.ઇ.આર.એસ., ગાંધીનગર.તરફ જાણ સારૂ.
૪) જીલ્લા કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી, વલસાડ તરફ જાણ સારૂ.
૫) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા આરોગ્યની કચેરી, વલસાડ તરફ જાણ સારૂ
૬) રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફ જાણ સારૂ

નકલ રવાના:૧) તબીબી અધિક્ષકશ્રી, જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ કોલેજ-હોસ્પિટલ, વલસાડ તરફ જાણ તેમજ યોગ્ય કરવા સારૂ.
૨) ચીફ વોર્ડનશ્રી, કન્યા છાત્રાલય તેમજ કુમાર છાત્રાલય, જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ કોલેજ, વલસાડ તરફ જાણ તેમજ યોગ્ય કરવા સારૂ.